# ઈમરજન્સી મોબાઈલ એલર્ટ

GET READY .govt.nz

## જો તમારું જીવન, આરોગ્ય કે સંપત્તિ ગંભીર જોખમમાં હોય તો તમારા મોબાઈલ ફોન પર એક ઈમરજન્સી મોબાઈલ એલર્ટ મોકલી શકાય છે.

ઈમરજન્સી મોબાઇલ એલર્ટ તમારા મોબાઇલ ફોનમાં એક અધિકૃત એજન્સી દ્વારા મોકલેલો સંદેશ છે. તે તમને એલર્ટ કરવા માટે જોરથી અવાજ કરશે.

### મને ઈમરજન્સી મોબાઈલ એલર્ટ મળે તો મારે શું કરવું?

તમે જે કરતા હોવ તે બંધ કરવું અને સૂચનાઓનું પાલન કરવું.

ઈમરજન્સી મોબાઈલ એલર્ટ સંદેશા ફક્ત તો જ મોકલવામાં આવે છે:

- જો જીવન, આરોગ્ય અથવા સંપત્તિ માટે ગંભીર ખતરો હોય તો; અથવા
- પરીક્ષણ હેતુઓ માટે વર્ષમાં એક કે બે વાર.

જો તમને કોઈ એલર્ટ મળે છે, તો તેને ગંભીરતાથી લો અને તે જે કહે તે કરો.

તમામ ફોન ઈમરજન્સી મોબાઈલ એલર્ટ મેળવવા સક્ષમ નથી હોતા, માટે તમને એલર્ટ મળે તો તેની બીજાને જાણ કરો.

### ઈમરજન્સી મોબાઇલ એલર્ટ પ્રાપ્ત કરવા માટે મારે સાઇન અપ કરવાની જરૂર છે?

એપ્લિકેશનમાં સાઇન અપ કરવાની અથવા તેનેડાઉનલોડ કરવાની જરૂર નથી. એલર્ટ અસરગ્રસ્ત વિસ્તારોને લક્ષ્યાંકિત કરે છે, તેથી જો તમારા ક્ષેત્રમાં ઈમરજન્સી હોય તો જ તમને તે મળશે.

જો તમારો ફોન ચાલુ હોય, તેને પ્રાપ્ત કરવા સક્ષમ હોય અને લક્ષ્યાંકિત વિસ્તારમાં હોય તો તમને એલર્ટ મળવો જોઈએ.

### ઈમરજન્સી મોબાઈલ એલર્ટ કોણ મોકલી શકે છે?

ઇમરજન્સી મોબાઇલ એલર્ટ સંદેશા ફક્ત નીચેના દ્વારા મોકલી શકાય છે:

- રાષ્ટ્રીય ઇમરજન્સી સંચાલન એજન્સી
- નાગરિક સંરક્ષણ ઇમરજન્સી સંચાલન જૂથ
- ન્યૂઝીલેન્ડ પોલીસ
- આગ અને ઇમર્જન્સી ન્યૂઝીલેન્ડ
- આરોગ્ય મંત્રાલય, અને
- પ્રાથમિક ઉદ્યોગ મંત્રાલય.

### ઈમરજન્સી મોબાઈલ એલર્ટ અન્ય ચેનલોની જગ્યા લેતું નથી

ઇમરજન્સી મોબાઇલ એલર્ટ એ તમને સલામત રાખવા અને ઇમરજન્સીમાં જાણ કરવા માટે એક **વધારાની** ચેનલ છે. આ એલર્ટ અન્ય એલર્ટ કરવાની પ્રણાલિ અથવા કુદરતી ચેતવણી બાદ પગલાં લેવાની જરૂરિયાતોની જગ્યા લેતું નથી.

તમારે હજી પણ ઈમરજન્સી માટે તૈયાર રહેવું જોઈએ, અને તમે પગલાં લો તે પહેલાં એલર્ટ મળે તેની તમારે રાહ ન જોવી જોઈએ. તમને લાગે કે તમારો જીવ જોખમમાં છે, તો સત્તાવાર ચેતવણીની રાહ ન જુઓ. તાત્કાલિક પગલાં લો.

## જાણકાર રેહવાની રીતો




શું કરવું, ક્યાં જવું, તમને કોણ મદદ કરી શકે અને તમારી મદદની કોને જરૂર પડી શકે વગેરે સહિત તમારો પોતાનો ઈમરજન્સી યોજના બનાવવા માટે પૂરતો સમય લો. getready.govt.nz પર તમે ઓનલાઇન યોજના બનાવી શકો છો.

### ઈમરજન્સી મોબાઈલ એલર્ટ કેવી રીતે કામ કરે છે?

ઈમરજન્સી મોબાઈલ એલર્ટ એક સમર્પિત સિગ્નલનો ઉપયોગ કરે છે, તેથી જ્યારે મોબાઈલ ફોન અને ઇન્ટરનેટ ટ્રાફિક નેટવર્કને ઓવરલોડ કરી શકે ત્યારે ઈમરજન્સીમાં તે વધુ વિશ્વસનીય છે.

તમે કયા નેટવર્કમાં છો તેનાથી કોઈ ફરક પડતો નથી. પ્રસારણના સમયે જે-તે વિસ્તારમાં પ્રવેશ કરતા કોઈ પણ સક્ષમ ફોન પર એલર્ટ પ્રાપ્ત થશે.

### શું હું ઈમરજન્સી મોબાઈલ એલર્ટ પ્રાપ્ત ન કરવાનું પસંદ કરી શકું?

ઇમર્જન્સી મોબાઈલ એલર્ટ તમને સુરક્ષિત રાખવા માટે હોવાથી, તમે ઈમરજન્સી




1. અધિકૃત એજન્સી અસરગ્રસ્ત વિસ્તાર નિર્ધારિત કરે છે અને એલર્ટ બનાવે છે.
2. એલર્ટ સંબંધિત સેલ ટાવર્સથી પ્રસારિત થાય છે.
3. અસરગ્રસ્ત વિસ્તારમાં સક્ષમ મોબાઇલ ફોન એલર્ટ પ્રાપ્ત કરે છે.

મોબાઇલ એલર્ટ પ્રાપ્ત ન કરવાનું પસંદ કરી શકશો નહીં. એલર્ટ વિશિષ્ટ ફોન પર જ નથી આવતા, તેના બદલે તે જોખમ ધરાવતા લક્ષિત ક્ષેત્રમાં પ્રસારિત થાય છે. ઈમરજન્સી મોબાઇલ એલર્ટ તમારા મોબાઇલ ફોન નંબરનો ઉપયોગ કરશે નહીં અથવા તમારા વિશેની માહિતી એકત્રિત કરશે નહીં.